# સોમનાથમાં શૌર્ય યાત્રા પૂર્વે ૧૦૮ ઘોડેસવારોએ રિહર્સલ કર્યુ



વેરાવળ,

વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીના અધ્યક્ષ સ્થાને યોજાનાર સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત તારીખ ૧૧ જાન્યુઆરીના રોજ ભવ્ય શોર્ય યાત્રા યોજાશે. આ શોર્ય યાત્રામાં પારંપરિક વેશભૂષામાં ગુજરાત પોલીસ અશ્વદળના ૧૦૮ ઘોડે સવારો ભાગ લેશે. શક્તિના પ્રતીક સમાન અશ્વ અને સોમનાથનું સ્વાભિમાન એક કેડીએ બલિદાન અને શૌર્યતાના ઈતિહાસને પુનર્જીવિત કરશે.

આ શોર્ય યાત્રામાં ભાગ લેવા માટે ગુજરાત પોલીસ અશ્વદળના ૧૫ જિલ્લાના અશ્વ અને અસવાર સોમનાથ ખાતે આવી પહોંચ્યા છે. ડીઆઈજી રાજેન્દ્રસિંહ ચુડાસમા ના નેતૃત્વમાં પાછલા ત્રણ દિવસથી સોમનાથ ખાતે આ અશ્વસવારો રિહર્સલ કરી રહ્યા છે. આજે સોમનાથ ખાતે યોજાયેલા રિહર્સલમાં અશ્વસાવરોના ' જય સોમનાથ - હર હર મહાદેવ' ના નાદ થી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.

સોમનાથ મહાદેવ મંદિર ભારતના આત્મસન્માન, સહનશીલતા અને પુનર્નિર્માણની અનોખી ગાથા રજૂ કરે છે. વારંવાર આક્રમણો છતાં સોમનાથ ફરી ફરી બેઠું થયું-આજ સુધી અડીખમ ઊભેલુ આ તીર્થ રાષ્ટ્રના અડગ સ્વાભિમાનનું પ્રતિક બની ગયુ છે. સોમનાથ સ્વાભિમાન પર્વ આ જ ઈતિહાસને આજની પેઢી સુધી જીવંત રીતે પહોંચાડવાનો પ્રયાસ છે.

સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં યોજાનાર કાર્યક્રમ ભારતના સાંસ્કૃતિક આત્મવિશ્વાસ, આધ્યાત્મિક વારસા અને રાષ્ટ્રીય ગૌરવનો ઐતિહાસિક ઉત્સવ બનશે-જે સોમનાથથી સમગ્ર દેશ સુધી સ્વાભિમાનનો સંદેશ પહોંચાડશે.

# સોમનાથ સ્વાભિમાનપર્વઃ સોમનાથ મંદિરનું પુનઃ નિર્માણએ વિનાશના પ્રયાસ પર નિર્માણની વિજયગાથા

## ભારતીય આધ્યાત્મિકતા અને સંસ્કૃતિનું ઉચ્ચત્તમ શિખરઃ સોમનાથ મંદિર



મિતેશ પરમાર, વેરાવળ,

ભારતીય આધ્યાત્મિકતા અને સંસ્કૃતિના ઉચ્ચતમ શિખર એવા સોમનાથ મંદિરનું પુનઃ નિર્માણ તત્કાલીન નાયબ વડાપ્રધાન અને ગૃહ મંત્રી સરદાર વલ્લભભાઈ પટેલની દ્રઢ સંકલ્પ અને પ્રેરણાથી સાકાર થયું છે. સોમનાથ મંદિરનું પુનઃ નિર્માણ અનેક મુશ્કેલીઓ અને પડકાર વચ્ચે સરકારી ખર્ચે નહીં પણ લોક ફાળા- જન ભાગીદારીથી થયું હતું.

સરદાર વલ્લભભાઈ પટેલ જ્યારે અમદાવાદ ખાતે તેમના આખરી જન્મદિવસની ઉજવણી પ્રસંગે અન્ય ખર્ચ ન કરવા અને સોમનાથના મંદિરના નિર્માણ માટે લોક ફાળો એકત્ર કરવાની ટહેલ પણ નાખી હતી. આ પૂર્વે પણ સરદારની સરદારની પ્રેરણાથી તત્કાલીન જામનગરના મહારાજા દિગ્વિજયસિંહ જાડેજાએ પ્રથમ ૧.૫૧ લાખનું ટ્રસ્ટને દાન આપ્યું હતું. તેમણે ૧૯૪૯ સુધીમાં આશરે ૨૫ લાખ જેટલું ભંડોળ પણ એકત્ર કરી આપ્યું હતું.

આ સંદર્ભમાં જૂનાગઢના જાણીતા ઈતિહાસકાર ડો. વિશાલ જોશી કહે છે કે, સોમનાથ મંદિરના નિર્માણ માટે નાનજી કાલિદાસ મહેતા સહિતના શ્રેષ્ઠિઓ અને લોકોએ ઉદાર હાથે દાન આપ્યું હતું. ઉપરાંત જાન્યુઆરી ૧૯૪૯માં પણ ગુજરાત સાહિત્ય પરિષદ દ્વારા સોમનાથ મંદિરના નિર્માણ માટે આર્થિક સહયોગ આપવા ઠરાવ પણ થયો હતો. આમ, દેશભરમાંથી સોમનાથ મંદિરના નિર્માણ માટે આર્થિક યોગદાન મળ્યું હતું.

તેમણે સ્પષ્ટપણે કહ્યું કે સરદાર ન હોત તો સોમનાથ મંદિરનું પુન : નિર્માણ શક્ય ન બનત, આ સંદર્ભમાં તેમણે જણાવ્યું હતું કે, સોમનાથ મંદિરના નિર્માણ માટે અનેક મુશ્કેલીઓ અને પડકારો આવ્યાં હતાં, તત્કાલીન સરકારનો પણ સોમનાથ મંદિરના પુનઃ નિર્માણ માટે સહકાર મળ્યો ન હતો, પણ મજબૂત સંકલ્પને લીધે મંદિરનું નિર્માણ થયું હતું.

ડો. વિશાલ જોશી કહે છે કે, સોમનાથ મંદિરના વૈભવ પર અનેકોવખત વિદેશી આક્રાંતાઓએ કરડી નજર કરી, પરંતુ આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ચેતનારૂપ સોમનાથને બચાવવા માટે સેકડો લોકોએ બલિદાન આપ્યા છે, સોમનાથ મંદિર પર ગજનવીએ ચડાઈ કરી હતી. ત્યારે પણ જ્ઞાતિજાતિના ભેદભાવ વગર સ્થાનિક રાજવંશો અને લોકો બહાદુરીથી લડ્યા હતા. આશરે ૧.૫૦ લાખના સૈન્ય સાથે આવેલો ગઝનવી આશરે ૫,૦૦૦ના લશ્કર સાથે ગયો હતો, અહીંથી લૂંટ કર્યા બાદ ગજનવીને શાંતિ ન મળી હતી અને આંતરકલહથી ઘેરાયો હતો.તેઓ એમ પણ કહે છે કે, આ ભૂમિ અને લોકોની તાસીર જુદી છે, હંમેશા પડકારોને બહાદુરી પૂર્વક ઝીલ્યાં છે, એટલે જ અનેક પડકારો વચ્ચે ભારતીય સંસ્કૃતિના સર્વોચ્ચ શિખરરૂપ સોમનાથ તીર્થ આજે પણ આત્મગૌરવ સાથે અડગતા સાથે ઊભું છે.

તેમણે જણાવ્યું કે, દેશના વડાપ્રધાન અને સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી નરેન્દ્ર મોદીની પ્રેરણા અને નેતૃત્વમાં 'સ્વાભિમાન પર્વ' ઉજવાશે, ત્યારે ભારતીય સંસ્કૃતિના ગૌરવગાનથી નવી પ્રેરણા પણ મળશે. આ સાથે તેમણે સરદારને વંદન અને વડાપ્રધાનશ્રીને સ્વાભિમાન પર્વની ઉજવણી કરવા માટે અભિનંદન પણ આપ્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીએ 'સ્વાભિમાન પર્વ' થી ભારતની પ્રાચીન વિરાસતને આધુનિકતા સાથે જોડવાનો પ્રયાસ છે અને સોમનાથ મંદિરનું પુનઃનિર્માણ એ વિનાશ પર નિર્માણના વિજયની ગાથા છે.

# ઉત્તરાયણ પર્વને લઈને કરૂણા અભિયાનના આયોજન સંદર્ભે જિલ્લા કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ

## જિલ્લામાં તા. ૧૦ થી ૨૦ જાન્યુઆરી,૨૦૨૬ સુધી કરૂણા અભિયાન : પક્ષીઓના વિહરવાના અને સાંજે માળામાં પરત ફરવાના સમયે પતંગો ન ઉડાડવા અપીલ

અમરેલી

દર વર્ષે તા. ૧૪ જાન્યુઆરીના રોજ ઉત્તરાયણ પર્વની ઉજવણી કરવામાં આવે છે. આ પર્વમાં પતંગ ઉડાડવા માટે ઉપયોગમાં લેવામાં આવતા સીન્થેટીક અને ચાઈનીઝ દોરા, તેમજ કાચ પાયેલ દોરાના ઉપયોગથી અબોલ પક્ષીઓ ઘાયલ થાય છે. ઘાયલ થયેલ પક્ષીઓને તત્કાલ સારવાર મળે અને તેનો જીવ બચાવવો એ કુદરત પ્રત્યેનો શ્રેષ્ઠ માનવીય અભિગમ છે.

આજરોજ જીલ્લા સેવા સદન ખાતે જીલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને સમગ્ર અમરેલી જીલ્લામાં કરૂણા અભિયાન-૨૦૨૬ના સુચારું આયોજન સંદર્ભે બેઠક યોજાઈ હતી. જીલ્લા કલેક્ટરશ્રીએ

### પતંગ દોરાથી ઘાયલ પક્ષીઓનો જીવ બચાવવા માટે કરૂણા એનીમલ એમ્બ્યુલન્સ હેલ્પલાઈન નં. ૧૯૬૨ જાહેર

વિવિધ પ્રકારના પતંગ દોરાથી અબોલ પક્ષીઓ ઘાયલ ન થાય અને ઘાયલ પક્ષીઓને તત્કાલ સારવાર મળે તે માટે સંબંધિત અધિકારીશ્રીઓને તકેદારી રાખવા સ્પષ્ટ દિશા નિર્દેશો આપ્યા હતા. સમગ્ર જિલ્લામાં આગામી તા. ૧૦ થી ૨૦ જાન્યુઆરી,૨૦૨૬ સુધી કરૂણા અભિયાન-૨૦૨૬ યોજાશે. આ અભિયાન અન્વયે અબોલ પક્ષીઓનું રક્ષણ અને વિવિધ પ્રકારના પતંગ દોરાથી ઘાયલ પક્ષીઓને તત્કાલ સારવાર મળે તે માટે પ્રતિબદ્ધતા સાથે કામગીરી કરવામાં આવશે.

પતંગ દોરાથી ઘાયલ પક્ષીઓના જીવ બચાવવા માટે કરૂણા એનીમલ એમ્બ્યુલન્સ હેલ્પલાઈન નં. ૧૯૬૨, વન વિભાગ હેલ્પ લાઈન નં. ૧૯૨૬ તેમજ વ્હોટ્સએપ હેલ્પ લાઈન નં. ૮૩૨૦૦ ૦૨૦૦૦ જાહેર કરવામાં આવ્યો છે. નાગરિકોને અનુરોધ છે કે, ઘાયલ પક્ષી જોવા મળે તો તત્કાલ હેલ્પ લાઈન નંબર પર સંપર્ક કરીએ અને પક્ષીઓને સારવાર અપાવીને તેનો જીવ બચાવી માનવીય ધર્મ અને નાગરિક ફરજ અદા કરીએ.

સમગ્ર જીલ્લામાં નાગરિકો, બાળકો, યુવાઓને અપીલ છે કે, પતંગ ઉડાડવા માટે પ્લાસ્ટીક કે, સીન્થેટીક તેમજ ચાઈનીઝ સહિતના દોરાનો ઉપયોગ ન કરીએ કે, તે પ્રકારના દોરાની ખરીદી પણ ન કરીએ, પક્ષીઓના વિહરવાના સમયે એટલે કે, સવારના ૭ થી ૯ વાગ્યા સુધી તેમજ સાંજે પક્ષીઓ માળામાં પરત ફરવાના સમયે સાંજના ૫ થી ૮ વાગ્યા સુધી પતંગો ઉડાડવા માટે સાવચેતી રાખીએ અથવા તો પતંગો ન ઉડાડવા અપીલ છે. આવો, સૌ નાગરિકો પ્રતિજ્ઞા લઈએ કે, કરૂણા અભિયાન ૨૦૨૬ના ૧૦ દિવસ દરમિયાન પતંગ દોરાથી ઘાયલ પક્ષી જોવા મળશે તો તત્કાલ તેને પશુ દવાખાને પહોંચાડીશુ, પર્યાવર પ્રેમી, કે સંસ્થા અથવા વન વિભાગને જાણ કરીશું અથવા ઉપરોક્ત કરૂણા એનીમલ એમ્બ્યુલન્સ હેલ્પલાઈન, વન વિભાગ હેલ્પ લાઈન તેમજ વ્હોટ્સએપ હેલ્પ લાઈન નંબર પર સંપર્ક કરીને ઘાયલ પક્ષીઓને સારવાર અપાવીને પક્ષીઓનો જીવ બચાવીશુ.કરૂણા અભિયાન-૨૦૨૬ના સુચારું આયોજન સંદર્ભે યોજાયેલ બેઠકમાં વન વિભાગ સહિત સંબંધિત વિભાગ-કચેરીના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બાબરામાં બુધવારી પુલને દબાણ મુક્ત કરાયો

બાબરા

બાબરામાં કાલુભાર નદી પર આવેલા બુધવારી પુલ પર વધતા જતા દબાણોને દૂર કરવા માટે નગરપાલિકા તંત્ર દ્વારા મેગા ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ કાર્યવાહીથી વર્ષો જૂની ટ્રાફિક સમસ્યાનો અંત આવ્યો છે અને રાહદારીઓએ રાહતનો શ્વાસ લીધો છે. શહેરના મુખ્ય માર્ગોને જોડતા આ પુલ પર સ્થાનિક લારી, ગલ્લા અને પાથરણાવાળા ફેરિયાઓનું દબાણ વધી ગયું હતું. જેના કારણે વાહનો તો ઠીક રાહદારીઓને ચાલવું પણ મુશ્કેલ બન્યું હતું.

ફેરિયાઓ દ્વારા પુલની બંને સાઈડ રોકીને શાકભાજી અને કટલેરીનું વેચાણ કરવામાં આવતું હતું. તેમજ લારીઓ પર છત્રીઓ બાંધી દેવાતા આખો પુલ બ્લોક થઈ જતો હતો. આ ગંભીર સમસ્યાને પગલે પાલિકા દ્વારા પોલીસ



કાફલાને સાથે રાખી જીસીબીની મદદથી દબાણો હટાવવાની કામગીરી કરવામાં આવી હતી.

જેમાં લારી, કેબિન પાસેના ગેરકાયદે ઓટલાઓ પણ જમીનદોસ્ત કરી દેવાયા હતા. આ તકે પાલિકા ચીફ ઓફિસર રવિભાઈ વેકરિયાએ જણાવ્યું હતું કે સ્થાનિક લોકો અને રાહદારીઓની રજૂઆતને ધ્યાને રાખીને બુધવારી પુલ પરથી તમામ દબાણો દૂર કરી પુલ ખુલ્લો કર્યો છે.મેડિકલ ઈમરજન્સી અને ટ્રાફિકની સમસ્યા નિવારવા આ કડક કાર્યવાહી જરૂરી હતી. તમામ ફેરિયાઓને અહીં ફરી ન બેસવા તાકીદ કરી છે. જો કે ફેરિયાઓની આજીવિકાને ધ્યાને રાખીને પાલિકાના જુના પ્લાનિંગ મુજબ તેમને ટૂંક સમયમાં યોગ્ય વૈકલ્પિક જગ્યાએ ખસેડવાની વ્યવસ્થા પણ કરવામાં આવશે.

# અમરેલીમાં “સ્પેસ ઓન વ્હીલ્સ”ની પ્રદર્શન બસનો ઈફ્કોના ચેરમેન દિલીપ સંઘાણીનાં હસ્તે પ્રારંભ



અમરેલી

વિદ્યાર્થીઓ વિજ્ઞાન અને અંતરિક્ષની અદ્ભુત દુનિયાને નજીકથી નિહાળી શકે અને અવકાશમાં ભારતની જે પ્રગતિ થયેલ છે તે નિહાળી અને સમજી શકે તે માટે ઁજીઈ, વિજ્ઞાન ગુર્જરી, ચિલ્ડ્રન યુનિવર્સિટી આયોજિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમરેલી સંચાલિત “સ્પેસ ઓન વ્હીલ્સ”ની પ્રદર્શન બસના પ્રારંભનું આયોજન થયું. ઈફ્કોના ચેરમેન દિલીપભાઇ સંઘાણીના હસ્તે પ્રારંભ કરાયો હતો. જેમાં અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઇ સાવલિયા, જિલ્લા ખરીદ વેચાણ સંઘના ચેરમેન જયંતીભાઇ પાનસુરીયા, જિલ્લા સહકારી સંઘના ચેરમેન મનિષભાઇ સંઘાણી, સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના પ્રમુખ પંકજભાઇ મહેતા, વિજ્ઞાન ગુર્જરીના પ્રોફેસર યતીનભાઇ તેરૈયા, ઁજીઈનાં જગદેવભાઇ ઠાકોર, મયંતાબેન રામી, ભાવેશભાઇ સોલંકી, મહેશભાઇ દેસાઇ, જયસુખભાઇ વેગડા, ચિલ્ડ્રન યુનિવર્સિટીના હર્ષભાઇ, ઁઈ શરદભાઇ શ્રીમાળી ઉપસ્થિત રહ્યા હતા. ગણિત-વિજ્ઞાનનાં શિક્ષક વિજય મયાત્રા, નયના મહેતા, ધારા ગોસ્વામી, જીનલ રૂપારેલે તમામ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપેલ. અમરેલીના ૧૭૦૦ બાળકોએ આ પ્રદર્શનનો લાભ લઇ અને અવકાશમાં ભારતની હરણફાળનું પ્રત્યક્ષ જ્ઞાન મેળવ્યું હતું. અને આ કાર્યક્રમને સફળ બનાવવા શિક્ષણ સમિતિના ચેરમેન તુષાર જોષી, વાઈસ ચેરમેન દામજી ગોલ, શાસનાધિકારી આશિષ જોષી, રજની સોલંકી, સમિર પંડ્યા, પ્રકાશભાઇ, ભાવેશ વાળોદરા સહિતે જહેમત ઉઠાવી હતી, એમ સમિતિનાં સંદીપ વામજાની યાદી જણાવે છે.

# લીલીયા તાલુકા માલધારી સંગઠન દ્વારા મામલતદાર તથા વન વિભાગને પાઠવ્યું આવેદનપત્ર

## માલધારીના પશુઓનું સિંહ, દીપડા સહિતના વન્ય પ્રાણીઓ દ્વારા મારણ કરવામાં આવે તેવા સમયે પૂરતા પ્રમાણમાં મારણની રકમ ચૂકવવામાં માંગણી





અમરેલી તા.૯

લીલીયા તાલુકા માલધારી સંગઠન દ્વારા મામલતદાર તથા વન વિભાગને આવેદનપત્ર પાઠવી પશુઓના મારણ કેસમાં વળતર વધારવા તથા ગૌચરની જમીનમાં બિનકાયદેસર ચાલતી માટી ચોરી અટકાવવા અને ભૂમાફિયાઓ સામે કાર્યવાહી કરવા રોષ ભેર માંગ કરી હતી. લીલીયા મામલતદાર અને પાલીતાણા વન્ય પ્રાણી ડિવિઝનની લીલીયા રેન્જ કચેરી ખાતે લીલીયા તાલુકા માલધારી સંગઠન દ્વારા આવેદનપત્ર આપી માલધારીના પશુઓનું સિંહ, દીપડા સહિતના વન્ય પ્રાણીઓ દ્વારા માંરણ કરવામાં આવે તેવા સમયે પૂરતા પ્રમાણમાં મારણની રકમ ચૂકવવામાં આવે તથા તાલુકાના ગામોમાં ગૌચર જમીનમાં થયેલ દબાણ દૂર કરવામાં આવે અને ગૌચરની જમીનમાં ચાલતી માટી ચોરી બંધ કરાવી ભૂમાફિયા સામે કડક કાર્યવાહી સહિતની માંગણીઓને લઈ આજે સવારના ૧૧ કલાકે માલધારી સંગઠન દ્વારા પ્રથમ મામલતદાર કચેરી ખાતે અને ત્યારબાદ વન્ય પ્રાણી રેન્જ ખાતે જઈ આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી હતી.

આ તકે માલધારી સમાજના રાહુલભાઈ સાનિયા તથા રાજુભાઈ ગરાણીયાએ જણાવ્યું હતું કે વન્ય પ્રાણી દ્વારા પશુનું મારણ કરવામાં આવે અને માલધારી વન વિભાગને જાણ કરે તેવા સમયે તાકીદે માલધારીનો મારણ કેસ નોંધી પૂરતા પ્રમાણમાં વળતરની રકમ પશુપાલકને મળી રહે તેવી માંગ કરવામાં આવેલ છે.

જ્યારે માલધારી સમાજના રાણાભાઈ ભરવાડે જણાવ્યું હતું કે વાઘણીયા સહિતના ગામોમાં ગૌચર જમીનમાં દબાણ થયેલ છે. તે દબાણ દૂર કરવું અને ગૌચરની જમીનમાંથી કેટલાંક ભુમાખીયાઓ દિન રાત માટીની ચોરી કરી રહ્યા છે. તે અટકાવી ભૂમાફિયાઓ સામે કડક કાર્યવાહી થવી જોઈએ.

ત્યારે વન વિભાગ અધિકારી આર.એફ.ઓ બી.જી. ગલાનીએ જણાવ્યું કે માલધારીના પશુનો વન્ય પ્રાણી દ્વારા માંરણ કરવામાં આવે તેની જાણ થતા જ વન કર્મચારી ઘટના સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી કરી સરકારના ધારા ધોરણ પ્રમાણે માલધારીને મારણ કેસમાં પૂરતું વળતર મળી રહે તેવી કાર્યવાહી સરકારના ધારા ધોરણ પ્રમાણે કરવામાં આવે છે.

# અમરેલી બસપોર્ટ ખાતે ડ્રાઈવર્સ અને કંડક્ટરોને રોડ સેફ્ટી વિષયક માહિતી માર્ગદર્શન આપવામાં આવ્યુ

અમરેલી

અમરેલી એ.આર.ટી.ઓ દ્વારા જાન્યુઆરી ૨૦૨૬ માસ દરમિયાન જિલ્લામાં હેલ્મેટ, સીટ બેલ્ટ, રીફ્લેક્ટર, પી.યુ.સી, ફેન્સી નંબર પ્લેટ, નંબર પ્લેટ વગરના વાહન, હાઈબીમ લાઈટ સહિતની બાબતોને લઈને જનજાગૃત્તિ પ્રસરાવવામાં આવશે. સ્કૂલ કોલેજ કક્ષાએ રોડ સેફ્ટી લગત જનજાગૃત્તિ કાર્યક્રમો યોજાશે. ડ્રાઈવરો માટે આંખ, બ્લડ પ્રેશર, સુગર તપાસ માટે મેડિકલ કેમ્પ યોજાશે. વાહન ચાલકોએ સલામતી માટે મોબાઈલ ફોનનો ઉપયોગ ટાળવો, અતિશય ઝડપે વાહન ચલાવવું નહી વગેરે બાબતોને લઈને કાળજી રાખવી હિતાવહ છે.

'શીખ સે સુરક્ષા, ટેક્નોલોજી સે પરિવર્તન' પહેલ અન્વયે આજરોજ અમરેલી એસ.ટી. બસપોર્ટ ખાતે ડ્રાઈવર્સ અને કંડક્ટરોને રોડ સેફ્ટી વિષયક



માહિતી માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. જેમાં ૬૦ થી ૭૦ જેટલા ડ્રાઈવર્સ-કંડક્ટરોને રોડ સેફ્ટી બાબતે માહિતગાર કરવામાં આવ્યા હતા. લેન ડ્રાઈવીગ કરવું, નો પાર્કિંગ ઝોનમાં વાહન પાર્ક ન કરવું, નશાનું સેવન ન કરવું, વાહનમાં સ્વચ્છતા રાખવી સહિતની બાબતો વિષયક જનજાગૃત્તિ વધે તેવા સરાહનીય પ્રયાસો કરવામાં આવી રહ્યા છે તેમ અમરેલી સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની એક યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

PGVCL

પ.ગુ.વિ.કં.લિ., વર્તુળ કચેરી, અમરેલી.

ટેન્ડર નોટીસ નં.૩૪૧/એમકો–૨૦/૨૦૨૫

PGVCL

અમરેલી વર્તુળ કચેરી હેઠળ આવતી વિભાગીય કચેરીઓના જુદા જુદા કામો / માલ સામાન માટે સીલબંધ કવરમાં રજી.થી ભાવો મંગાવવામાં આવે છે. વધુ વિગત પી.જી.વી.સી.એલ.ની વેબસાઈટ WWW.PGVCL.COM અને http://pgvcl.nprocure.com ઉપરથી મળી શકશે

ઉપરોક્ત કચેરી હેઠળના વીજગ્રાહકો માટે ભાવનગર ખાતે કાર્યરત ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્રમાં રજુઆત કરી શકે છે.

ગ્રાહક સુવિધા કેન્દ્રનો ટોલ ફ્રી નંબર = ૧૮૦૦-૨૩૩-૧૫૫૩૩૩ & ૧૯૧૨૨

અધિક્ષક ઈજનેર (સં. અને નિ.)

સૌરાષ્ટ્ર આસપાસ

Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)